GJVD020550872024

ફોજદારી કેસ નં.૪૬૭૧૭/૨૦૨૪
આંકઃ– ૦૫

૧) સદર કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ના શિક્ષા ને પાત્ર ગુન્હા નું ચાર્જશીટ અત્રેની અદાલત માં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુન્હા ના કામે આરોપી હાજર થતાં તેમને ક્રી.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સ ની નકલો આપી આંક ૦૩ થી પ્લી લેતાં આરોપીએ ગુન્હા ની કબુલાત કરેલ છે તથા આંક ૦૪ થી ગુન્હા ની કબુલાત કરતી અલાયદી પુરસીસ રજુ કરેલ છે. આરોપી ને તેઓની વિરુધ્ધ ના ગુન્હા ની સજા ની જોગવાઈ ની તથા તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ રેકર્ડે લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજા ના મુદ્દે આરોપી ને સાંભળ્યા. આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે,ગરીબ માણસ છે, તેઓના કુટુંબની જવાબ દારી તેઓની ઉપર છે અને ભવિષ્ય માં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આમ,આરોપી ની મારી સમક્ષ ની સ્વેચ્છાપુર્વક ની કબુલાત ને આધારે આરોપી ને ક્રી.પ્રો. કોડ ની કલમ ૨૫૨ અન્વયે તેઓની વિરુધ્ધ ના ગુન્હા સબબ દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપી ની રજુઆત તથા કેસના સંજોગો તથા ગુન્હાની ગંભીરતા તથા સ્વરુપ ધ્યાને લઈ ન્યાય ના હિત માં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) સદર કામના આરોપી વિજયભાઈ મંગળભાઈ મારવાડી ને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ ના ગુના સબબ દોષિત ઠરાવી ઈ.પી.કો.કલમ ૨૭૯ ના ગુન્હા સબબ આરોપીને રુ.૫૦૦/–(પાંચસો પુરા)નો દંડ તથા જો આરોપી દંડ ના ભરે તો દીન ૧૦ (દસ) ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામના આરોપીને ઈ.પી.કો.કલમ ૨૭૯ ના મુખ્ય ગુન્હા કામે કામે સજા કરવામાં આવેલ હોઈ ઈ.પી.કો.કલમ ૭૧ તથા જનરલ કલોઝીજ એકટ ની જોગવાઈઓ અનુસરી એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ ના ગુના કામે અલાયદી કોઈ સજા કરવામાં આવેલ નથી.

આ હુકમ આજ તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ)
૧૬ મા, એડી.ચીફ જયુ.મેજી. વડોદરા,
કોડ નં.જી.જે.૦૦૭૪૨